# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૧૦
વલ્લભવિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત
**નેક એક્રીડિશન : ગ્રેડ 'એ' સીજીપીએ-૩.૨૫**
**(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)**

ફોન : (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબર : (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail: exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu


## પરિપત્ર

વિષય: ત્રીજા અને પાંચમાં સેમેસ્ટર વિદ્યાર્થીઓને પરીક્ષા ફી બાબત...

સંદર્ભ: યુનિવર્સિટી પરિપત્ર ક્રમાંક: ઈ-૩/૨૧૪૪, તારીખ: ૦૩/૧૦/૨૦૨૦

ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભે યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/ઇન્સ્ટીટ્યુટના આચાર્યશ્રીઓને જણાવવાનું કે તારીખ: ૨૨/૦૯/૨૦૨૦ની સિન્ડિકેટ સભામાં બાબત ક્રમાંક: ૧૮માં થયેલ ઠરાવ અંતર્ગત તારીખ: ૧૧/૦૯/૨૦૨૦ની ફાઇનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિની બાબત ક્રમાંક: ૧૩માં નીચે મુજબ ભલામણ થયેલ છે.

"કોવીડ-૧૯ મહામારીને ધ્યાને લઈ ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: કરણ/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧, તારીખ: ૦૬/૦૩/૨૦૨૦ના પત્રમાં ઠરાવ્યા મુજબ બીજા અને ચોથા સેમેસ્ટર અથવા F.Y./S.Y./T.Y. સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષા ફી પરત કરવા સંદર્ભે આથી ભલામણ કરવામાં આવે છે કે રાજ્ય સરકારશ્રીના ઠરાવને ધ્યાને લઇ બીજા અને ચોથા સેમેસ્ટર અથવા F.Y./S.Y./T.Y. સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષા ફી (માર્કશીટ ખર્ચ સહીતની રકમ) આગામી લેવાનાર પરીક્ષા સમયે સરભર કરવી."

ઉપરોક્ત થયેલ ઠરાવ મુજબ યુનિવર્સિટીમાં વર્ષ-૨૦૧૭ પછી રજીસ્ટર થયેલ રેગ્યુલર વિદ્યાર્થીઓને કે જેઓ સ્નાતક કક્ષાના બીજા અને ચોથા સેમેસ્ટરમાં અથવા F.Y./S.Y. માં મેરીટ બેઝ પ્રોગ્રેશનથી ઓગસ્ટ-૨૦૨૦માં પ્રમોશન આપવામાં આવેલ છે તેવા વિદ્યાર્થીઓની યુનિવર્સિટી દ્વારા આગળના સેમેસ્ટરમાં એટલે કે ત્રીજા સેમેસ્ટરની નવેમ્બર-૨૦૨૦ની અને પાંચમા સેમેસ્ટરની નવેમ્બર-૨૦૨૦ની પરીક્ષા ફી મજરે આપવા આવેલ છે.

સદર પરિપત્ર નંબર: ઈ-૩/૨૧૪૪, તારીખ: ૦૩/૧૦/૨૦૨૦ના અનુસાર કોલેજ/ઇન્સ્ટીટ્યુટ દ્વારા ૨૦૨૦-૨૧ના વિદ્યાર્થીઓ કે જેઓને ત્રીજા અને પાંચમાં સેમેસ્ટરમાં (F.Y./S.Y. વાર્ષિક પધ્ધતિ હેઠળ) મેરીટ બેઝ પ્રોગ્રેશન મળેલ છે તે વિદ્યાર્થીઓની સ્નાતક કક્ષાની પરીક્ષા ફી લેવાની થતી નથી. તેમ છતા અમુક કોલેજો/ઇન્સ્ટીટ્યુટ દ્વારા તેવા વિદ્યાર્થીઓ પાસેથી ત્રીજા અને પાંચમાં સેમેસ્ટરની (F.Y./S.Y. વાર્ષિક પધ્ધતિ હેઠળ) પરીક્ષા ફી લેવામાં આવી છે. જે બાબત યુનિવર્સિટીને ધ્યાનમાં આવેલ છે. તો સદર પરીક્ષા ફી વિદ્યાર્થીને **દિન-૧૦**માં પરત કરવા જાણ કરવામાં આવે છે.

જો કોઇ કોલેજ/ઇન્સ્ટીટ્યુટ દ્વારા સદર મજરે લેવાની ફી વિદ્યાર્થીઓને સમયસર પરત કરવામાં નહી આવે તો યુનિવર્સિટી દ્વારા સંબંધિત કોલેજ/ઇન્સ્ટીટ્યુટ ઉપર આગળની જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

નંબર: ઈ-૩/ ૮૪૪
તારીખ: ૧૧/૦૬/૨૦૨૧
વલ્લભ વિદ્યાનગર

Jyoti
કાર્યકારી કુલસચિવ